ચારિત્ર્યની શુદ્ધતા અને પવિત્રતા

હઝરત યૂસુફ ﷺ થી તેમના પિતા હઝરત યાકૂબ ﷺ ખૂબ પ્રેમ કરતા હતા. એક પળ માટે પણ પોતાનાથી અલગ કરવાનું સહન ન કરતા. તેમના પ્રત્યે પિતાની આ લાગણી જોઈને હઝરત યૂસુફ ﷺ ના ભાઈઓ તેમનાથી ઈર્ષ્યા કરવા લાગ્યા. એક દિવસ તક હાથ લાગતાં આ ભાઈઓએ તેમને એક આંધળા કૂવામાં નાખી દીધા. એક કાફલો ત્યાંથી પસાર થતાં કાફલાના એક માણસે તેમને કૂવામાંથી બહાર કાઢ્યા અને મિસર (ઇજિપ્ત) લઈ ગયા અને ત્યાં તેમને વેચી નાખ્યા. મિસરના હાકેમે (ગવર્નરે) જોયું કે બાળક ખૂબ સુંદર, હોશિયાર અને સારા સ્વભાવનો છે, તેમને ખરીદી લીધા. તેણે પોતાની પત્નીને તેની સારી રીતે દેખભાળનો નિર્દેશ કર્યો. આ રીતે હઝરત યૂસુફ ﷺ બાળકથી યુવાન થઈ ગયા. હઝરત યૂસુફ ﷺ સુંદરતા અને સૌંદર્યમાં અનુપમ હતા. યુવાની, સૌંદર્ય અને ઉચ્ચતમ્ નીતિમત્તાએ તેમના વ્યક્તિત્વને ચાર ચાંદ લગાવી દીધા હતા. મિસરના હાકેમની પત્નીના મનમાં આપ ﷺ વિશે બૂરાઈ ઘર કરી ગઈ. તક મળતાં એક દિવસ તેણે હઝરત યૂસુફ ﷺ ને પોતાના વિશિષ્ઠ રૂમમાં બોલાવ્યા અને દરવાજો બંધ કરી દીધો અને ગુનાના આચરણનું આમંત્રણ આપ્યું. ચારિત્રની શુદ્ધતા અને પવિત્રતાની પ્રતિમા સમાન હઝરત યૂસુફ ﷺ એ તેની આ દરખાસ્તને ઠુકરાવી દીધી અને જે ફરમાવ્યું, તેનું વર્ણન કુર્આનમાં આ પ્રમાણે છે :

﴿ قَالَ مَعَاذَ ٱللَّهِ إِنَّهُۥ رَبِّىٓ أَحْسَنَ مَثْوَاىَ إِنَّهُۥ لَا يُفْلِحُ ٱلظَّٰلِمُونَ ﴿٢٣﴾ ﴾ يوسف: ٢٣

અનુવાદ : ''યૂસુફ ﷺ એ કહ્યું : અલ્લાહનું શરણ ! મારા રબે તો મને ઉચ્ચ દરજ્જો પ્રદાન કર્યો (અને હું આવું કામ કરું !) આવા અત્યાચારીઓ કદાપિ સફળતા પામતા નથી.'' (સૂરઃ યૂસુફ, આ.૨૩)

ગુફામાં ફસાયેલા લોકોનો કિસ્સો છે. તેમાંથી એક વ્યક્તિ પોતાના કાકાની દીકરીના પ્રેમમાં ગ્રસ્ત હતો અને તેના સાથે ગુનાનો ઈરાદો રાખતો હતો. પરંતુ તે યુવતીના દિલમાં અલ્લાહનો ડર હતી. તે તેની ચાલબાજીમાં ન આવી. સમય વીતતો ગયો. છોકરીના ઘરવાળાઓની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ. ઘણી કોશિશ કરી, પણ દુર્દશામાં વધારો જ થતો ગયો. છેવટે વિવશ થઈને છોકરીએ તેનાથી આર્થિક મદદની વિનંતી કરી. તેણે ગુનો આચરવાની શરતે નાણા આપવાની હા કહી. છોકરીએ બરાબર અણીના સમયે તેને અલ્લાહનો ડર અપાવ્યો. ચારિત્યની શુદ્ધતાની શિખામણ આપી. અલ્લાહનું કરવું કે તેના દિલમાં વાત ઊતરી ગઈ. તે પોતાના ઈરાદા પર લજ્જિત થયો. અલ્લાહથી માફી માંગી અને તેને પૈસા આપી દીધા. જ્યારે આ વ્યક્તિ અન્ય લોકો સાથે ગુફામાં ફસાઈ ગયો, ત્યારે તેણે અલ્લાહ તઆલાને દુઆ કરી કે હે અલ્લાહ ! જો આ કામ મેં વિશુદ્ધરૂપે માત્ર તારા માટે જ કર્યું હોય, તો તું આ પથ્થરને ગુફાના મોઢા પરથી હટાવી દે. દુઆ કબૂલ થઈ અને તે ત્રણેય મોતની ગુફામાંથી જીવતા સલામત બચીને નીકળી ગયા. (મુત્તફિક અલયહિ, હદીસથી ઉદ્ધૃત)

www.uzaifalahi.com

'ઈફ્ફત' (શુદ્ધ-ચારિત્ર્ય)નો અર્થ અને સમજૂતી :

'ઈફ્ફત' (શુદ્ધ-ચારિત્ર્ય)નો અર્થ હરામ (અવૈધ) અને ઘૃણિત કૃત્યોથી બચવાનો થાય છે. આ એક પાયાનો ગુણ છે. જો આ ગુણ કોઈ વ્યક્તિમાં પેદા થઈ જાય, તો તેનું સમગ્ર જીવન પવિત્રતા અને શુદ્ધતાનો ઉચ્ચ નમૂનો બની જાય છે. તેના અંગો-ઉપાંગો, વિચારો અને દૃષ્ટિકોણો તેમજ આશા-અભિલાષાઓ, તેની નજર અને દૃષ્ટિ, તેનો અંતરાત્મા બધું જ પવિત્ર અને શુદ્ધ થઈ જાય છે.

અંગો-ઉપાંગોની પવિત્રતા એ છે કે વ્યક્તિ પોતાની જીભથી જૂઠ ન બોલે, ન કોઈની નિંદા કરે, ન ચાડી કરે, ન વ્યભિચાર કરે, ન ખરાબ નજરથી કોઈને જુએ. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ وَلْيَسْتَعْفِفِ الَّذِينَ لَا يَجِدُونَ نِكَاحًا حَتَّىٰ يُغْنِيَهُمُ اللَّهُ مِن فَضْلِهِ ﴿٣٣﴾ ﴾ النور: ٣٣

અનુવાદ : ''અને જેઓ નિકાહ (લગ્ન) કરવાની તક ન મેળવી શકે, તેમણે શુદ્ધ-ચરિત્ર રહેવું જોઈએ, ત્યાં સુધી કે અલ્લાહ પોતાની કૃપાથી તેમને સંપન્ન કરી દે.'' (સૂરઃ નૂર, આ.૩૩)

રસૂલુલ્લાહ ﷺ એ નવયુવાનોને નિકાહનું પ્રોત્સાહન આપ્યું છે, અને એ નિર્દેશ કર્યો છે કે જો કોઈ કારણસર નિકાહ શક્ય ન હોય તો ગુનાઓથી બચવા માટે વધારેમાં વધારે રોઝાઓનો પ્રબંધ કરે અને ઈબાદતોમાં પોતાને વ્યસ્ત રાખે. આના વિશે આપ ﷺ નો ઈરશાદ છે :

«يَا مَعْشَرَ الشَّبَابِ مَنِ اسْتَطَاعَ مِنْكُمُ الْبَاءَةَ فَلْيَتَزَوَّجْ، وَمَنْ لَمْ يَسْتَطِعْ فَعَلَيْهِ بِالصَّوْمِ فَإِنَّهُ لَهُ وِجَاءٌ» [بخاري ومسلم]

અર્થાત્, હે નવયુવાનો ! તમારામાંથી જે દાંપત્ય જીવનનો બોજ ઉઠાવી શકતો હોય તેણે લગ્ન કરી લેવા જોઈએ, કેમ કે તેનાથી નજરો પર કાબૂમાં રાખી શકાય છે અને ગુહ્યેન્દ્રિયોની રક્ષા થાય છે, અને જે આનું સામર્થ્ય ન ધરાવતો હોય તેણે રોઝાનો પ્રબંધ કરવો જોઈએ, કેમ કે તે તેના માટે ઢાલ છે. (મુત્તફિક અલયહિ)

મુસલમાને પોતાની ગુહ્યેન્દ્રિયોને છુપાવી રાખવી જોઈએ. જો પુરુષ છે, તો નાભિ (ડુંટી)થી લઈને ઘૂંટણ સુધી 'સાતિર' પોશાક પહેરે અને જો સ્ત્રી છે, તો તેણે 'હિજાબ' (પરદા)માં રહેવું જોઈએ. કુદરતી રીતે, આમ તો સ્ત્રીનો સ્વભાવ જ ગૌરવ અને ગરિમા સાથે રહેવાનો છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

﴿ وَلْيَضْرِبْنَ بِخُمُرِهِنَّ عَلَىٰ جُيُوبِهِنَّ ﴿٣١﴾ ﴾ النور: ٣١

અનુવાદ : ''અને પોતાની છાતીઓ પર પોતાની ઓઢણીઓના પાલવ નાખેલા રાખો.'' (સૂરઃ નૂર, આ.૩૧)

www.uzairadahi.com

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿يَـٰٓأَيُّهَا ٱلنَّبِىُّ قُل لِّأَزْوَٰجِكَ وَبَنَاتِكَ وَنِسَآءِ ٱلْمُؤْمِنِينَ يُدْنِينَ عَلَيْهِنَّ مِن جَلَـٰبِيبِهِنَّ ۚ ذَٰلِكَ أَدْنَىٰٓ أَن يُعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ ۗ وَكَانَ ٱللَّهُ غَفُورًا رَّحِيمًا ﴿٥٩﴾﴾ الأحزاب: ٥٩

અનુવાદ : ‘‘હે નબી ﷺ ! પોતાની પત્નીઓ અને પુત્રીઓ અને ઈમાનવાળાઓની સ્ત્રીઓને કહી દો કે પોતાના ઉપર પોતાની ચાદરોના પાલવ લટકાવી રાખે. આ વધારે યોગ્ય રીત છે, જેથી તેમને ઓળખી લેવામાં આવે અને સતાવવામાં ન આવે. અલ્લાહ માફ કરવાવાળો અને દયાળુ છે.’’ (સૂરઃ અહઝાબ, આ.૫૯)

અલ્લાહ તઆલાએ ‘ગેરમહરમ’ (જેના સાથે નિકાહ થઈ શકે એવી) સ્ત્રીઓને જોવું પણ હરામ (અવૈધ) ઠેરવેલ છે. જો કોઈ એવો અવસર આવે તો નજરોને નીચી રાખવાનો આદેશ આપ્યો છે :

﴿قُل لِّلْمُؤْمِنِينَ يَغُضُّوا۟ مِنْ أَبْصَـٰرِهِمْ وَيَحْفَظُوا۟ فُرُوجَهُمْ ۚ ﴿٣٠﴾﴾ النور: ٣٠

અનુવાદ : ‘‘હે નબી ﷺ ! મોમિન પુરુષોને કહી દો કે નજરો નીચી રાખે અને પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે.’’ (સૂરઃ નૂર, આ.૩૦)

એ જ પ્રમાણે મુસલમાન સ્ત્રીઓ માટે ફરમાવ્યું :

﴿وَقُل لِّلْمُؤْمِنَـٰتِ يَغْضُضْنَ مِنْ أَبْصَـٰرِهِنَّ وَيَحْفَظْنَ فُرُوجَهُنَّ ﴿٣١﴾﴾ النور: ٣١

અનુવાદ : ‘‘અને હે નબી ﷺ ! મોમિન સ્ત્રીઓને કહી દો કે નજરો નીચી રાખે અને પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે.’’ (સૂરઃ નૂર, આ.૩૬)

અંગો-ઉપાંગોની પૂછપરછ અંગે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

﴿إِنَّ ٱلسَّمْعَ وَٱلْبَصَرَ وَٱلْفُؤَادَ كُلُّ أُو۟لَـٰٓئِكَ كَانَ عَنْهُ مَسْـُٔولًا ﴿٣٦﴾﴾ الإسراء: ٣٦

અનુવાદ : ‘‘કાન, નાક, હૃદય અને દરેક વસ્તુ વિશે પૂછપરછ થશે.’’ (સૂરઃ ઈસરા, આ.૩૬)

હદીસે-કુદસી છે :

«إِنَّ النَّظْرَةَ سَهْمٌ مِنْ سِهَامِ إِبْلِيسَ مَسْمُومٌ، مَنْ تَرَكَهَا مَخَافَتِي أَبْدَلْتُهُ إِيمَانًا يَجِدُ حَلَاوَتَهُ فِي قَلْبِهِ [المعجم الكبير للطبراني]

www.uzairfalahi.com

અર્થાત્, નજર ઇબ્લીસના ઝેરીલા તીરોમાંથી એક તીર છે. જે વ્યક્તિ મારા ડરથી તેનાથી દૂર રહે છે, હું તેના માટે તેને ઈમાનથી બદલી નાખું છું, જેની મીઠાસ તે પોતાના હૃદયમાં અનુભવે છે. (તબરાની, હાકિમ)

રહી એ નજર, જે અચાનક પડી જાય, તો તેના માટે જ્યારે રસૂલુલ્લાહ ﷺ ને પૂછવામાં આવ્યું, તો આપ ﷺ એ ફરમાવ્યું કે તેને ફેરવી લેવામાં આવે. (અબૂ દાઊદ)

બીજાઓના માલ-સામાન અને ધનદોલત તરફ નજર અનાયાસ ઉઠે છે. બીજાઓની ધન-દોલતને જોઈને માનવીના મનમાં તેને પ્રાપ્ત કરવાની લાગણી પેદા થાય છે. આ વિશે ચારિત્ર્યની શુદ્ધતા એ રીતે કામ કરે છે કે માનવી ખોટી રીતે તેને પ્રાપ્ત કરવાથી અટકી જાય, બલ્કે હંમેશા એ વાતનું ભાન રહે કે ક્યાંક બીજાના ધનથી તે અનુચિત લાભ તો પ્રાપ્ત નથી કરી રહ્યો ને ! હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ ؓ ની પાસે રાત્રે તેમનો એક અધિકારી આવ્યો. રાજ્યના મામલાઓના સંદર્ભમાં તેનાથી વાતચીત થવા લાગી. જ્યારે અધિકારીએ રાજ્યના મામલાઓની વાતચીત સમાપ્ત કરીને અંગત વાતો શરૂ કરી દીધી, તો તેઓ ઉઠ્યા અને દીપક બુઝાવી નાખ્યો અને બીજો દીપક સળગાવી દીધો. અધિકારીએ જ્યારે આનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું કે રાજ્યની વાતો 'બૈતુલ-માલ' (રાજ્ય-કોષ)ના દીપકના પ્રકાશમાં થઈ રહી હતી, હવે આ અંગત વાતો છે, જે બૈતુલ-માલના દીપકના પ્રકાશમાં ઉચિત નથી, તેથી આ મેં મારો પોતાનો દીપક સળગાવી દીધો છે. બીજાઓના માલ-સામાનથી ફાયદો ઉઠાવવાથી બચવાના સંદર્ભમાં આ એક ઉચ્ચ દૃષ્ટાંત છે કે નાની-નાની વસ્તુઓમાં તેનું કેટલું ધ્યાન રાખવામાં આવવું જોઈએ. અનાથના માલના સંદર્ભમાં આવું જ વર્તન હોવું જોઈએ. જો તેનો પાલક ધનવાન છે, તો તેણે તેના માલમાંથી કંઈ ન લેવું જોઈએ. તેણે પોતાની સેવાઓ સ્વેચ્છાપૂર્વક આપવી જોઈએ. અલ્લાહ ત્આલાનો ઇરશાદ છે :

﴿ وَمَن كَانَ غَنِيًّا فَلْيَسْتَعْفِفْ ۖ ﴿٦﴾ ﴾ النساء: ٦

અનુવાદ : ''અનાથનો જે વાલી ધનવાન હોય, તે અલ્લાહથી ડરીને કામ કરે.'' (સૂરઃ નિસા, આ.૬)

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ؓ એક મહાન સહાબી છે. ધન-દોલતના સંદર્ભમાં તેમનું વર્તન ઉદાહરણીય છે. જ્યારે તેઓ હિજરત કરીને મદીના પધાર્યા અને ભાઈચારાના પરિણામે અન્સારના હઝરત સઅદ બિન રબીઅ ؓ ના ભાઈ બન્યા. હઝરત સઅદ ؓ એ હઝરત અબ્દુર્રહમાન ؓ ને કહ્યું કે અલહમ્દુલિલ્લાહ, મારા પાસે પર્યાપ્ત ધનદોલત છે, બે પત્નીઓ પણ છે, મારા ધનનો અડધો હિસ્સો તમે લઈ લો અને બંને પત્નીઓમાંથી જે તમને પસંદ હોય, ઇશારો કરો, તેને હું તલાક આપી દઉં છું, તમે તેનાથી નિકાહ કરી લો. હઝરત સઅદ ؓ ની વિશાળ-હૃદયતા અને ભ્રાતૃભાવની પ્રશંસા કરતાં હઝરત અબ્દુર્રહમાન ؓ એ તેમને કહ્યું : અલ્લાહ ત્આલા તમને ધનદોલત અને કુટુંબીજનોમાં બરકત પ્રદાન કરે, મને એ બધું કંઈ ન જોઈએ, તમારો આભાર. તમે મને માત્ર બજારનો રસ્તો બતાવો. બસ, એ જ મારા માટે પૂરતું છે. આમ, તેમને બની

www.uzairfalahi.com

કેનુકાઅના બજારનો રસ્તો બતાવી દીધો. તેમણે વેપાર શરૂ કર્યો અને દરેક જાણે છે કે તેઓ થોડાક દિવસોમાં કેટલા ધનવાન બની ગયા.

ખાવા-પીવાનો શોખીન માણસ સ્વાભાવિક રૂપે લાલચુ હોય છે. આ સંદર્ભમાં ખૂબ બેપરવાઈ આચરવામાં આવે છે. સારું અને વધારે મળે તો કોઈને ઈન્કાર નથી. કહેવત છે કે મફતનું મળે તો કાઝીને પણ હલાલ છે. જો કે આ ખૂબ મોટી આફત હોય છે. હરામ (અવૈધ) કોળિયાથી હૃષ્ટપુષ્ટ બનેલ શરીરની ઈબાદતો ચાળીસ દિવસ સુધી કબૂલ થતી નથી. આ સંદર્ભમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

﴿يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ كُلُوا۟ مِن طَيِّبَـٰتِ مَا رَزَقْنَـٰكُمْ وَٱشْكُرُوا۟ لِلَّهِ إِن كُنتُمْ إِيَّاهُ تَعْبُدُونَ ﴿١٧٢﴾﴾ البقرة: ١٧٢

અનુવાદ : ‘‘હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જો તમે વાસ્તવમાં અલ્લાહની જ બંદગી કરવાવાળા છો, તો જે પવિત્ર અને શુદ્ધ વસ્તુઓ અમે તમને પ્રદાન કરી છે તેને નિ:સંકોચ ખાવ અને અલ્લાહનો આભાર વ્યક્ત કરો.’’ (સૂર: બકરહ, આ.૧૭૨)

રસૂલુલ્લાહ ﷺ માત્ર હલાલ (વૈધ) પર પ્રોત્સાહન આપતાં ફરમાવ્યું કે સૌથી સારું ભોજન વ્યક્તિ માટે એ છે, જેને તે પોતાની મહેનતની કમાણીથી પ્રાપ્ત કરે. અલ્લાહના નબી હઝરત દાઊદ ﷺ પોતાના હાથની કમાણીથી ખાતા હતા. (બુખારી) એક અન્ય રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«مَن أمسٰى كالًّا مِن عملِ يَدَيهِ أمسى مَغفُوراً لهُ» [طبراني]

અર્થાત્, જે વ્યક્તિ આખો દિવસ મહેનત-મજૂરી કરીને થાકેલો સાંજે આવે, તો તે એ સ્થિતિમાં રાત વીતાવે છે કે તેની મગફિરત કરી દેવામાં આવે છે. (તબરાની)

હલાલ કમાણીથી ઈજ્જત અને પ્રતિષ્ઠામાં વધારો થાય છે, જ્યારે કે હરામ કમાણી અપમાન અને પડતીનું કારણ બને છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«إِنَّهُ لَا يَرْبُو لَحْمٌ نَبَتَ مِنْ سُحْتٍ إِلَّا كَانَتْ النَّارُ أَوْلَى بِهِ» [ترمذي]

અર્થાત્, હરામ ધનદોલતથી પોષણ પામેલ માંસ માટે આગ જ વધારે ઉત્તમ છે. (તિરમિઝી)

માનવ-શરીરમાં જીભ એક એવું અંગ છે, જેનો જો સારો ઉપયોગ થાય, તો સમાજ શાંતિ અને સલામતીનું ઉપવન બની શકે છે, અને જો તેનો ખોટો ઉપયોગ થાય, તો બૂરાઈ અને બગાડ, ટકરાવ અને અથડામણ, વેરઝેર, દ્વેષ અને ઈર્ષ્યા, દુશ્મની જેવી બૂરાઈઓથી સમાજ ઉભરાઈ જાય છે. જીભ જો પવિત્ર હોય તો માનવી અસંખ્ય બગાડથી બચી જાય છે. જીભની પવિત્રતા એ છે કે માનવી કપટ, જૂઠ, મહેણાં-ટોણા, કટાક્ષ અને

www.uzairfalahi.com

ઉપહાસ, નિરર્થક અને નિર્લજ્જ વાતો, અતિશયોક્તિ, નિંદા, ચાડી-ચુગલી વગેરેથી ચુસ્તપણે દૂર રહે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ وَقُولُواْ لِلنَّاسِ حُسۡنٗا ﴿٨٣﴾ ﴾ البقرة: ٨٣

અનુવાદ : ''લોકોને સારી વાત કહો.'' (સૂર: બકરહ, આ.૮૩)

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«لَيْسَ الْمُؤْمِنُ بِالطَّعَّانِ وَلَا اللَّعَّانِ وَلَا الْفَاحِشِ وَ الْبَذِيْءِ» [ترمذي]

અર્થાત્, મોમિન ન તો ફિટકાર કરવાવાળો હોય છે અને ન મહેણાં-ટોણા મારનારો હોય છે અને ન તો અશ્લીલ વાતો કરનારો અને અસંસ્કારી અને ઉદ્ધત વાતો કરનારો હોય છે. (તિરમિઝી)

આપ ﷺ એ એક બીજી રિવાયતમાં ફરમાવ્યું :

«مَنْ كَانَ يُؤْمِنُ بِاللَّهِ وَالْيَوْمِ الآخِرِ فَلْيَقُلْ خَيْرًا، أَوْ لِيَصْمُتْ» [متفق عليه]

અર્થાત્, જે અલ્લાહ અને આખિરત પર ઈમાન રાખે તેણે ભલી વાત કહેવી જોઈએ, નહિં તો ચુપ રહેવું જોઈએ. (મુત્તફિક અલયહિ)

આ જ વાતને બીજી રીતે ફરમાવી :

«مِنْ حُسْنِ إِسْلَامِ الْمَرْءِ تَرْكُهُ مَا لَا يَعْنِيهِ» [ترمذي، ابن ماجه]

અર્થાત્, વ્યક્તિના ઇસ્લામનું સૌંદર્ય એ છે તે નિરર્થક અને નકામી વસ્તુઓને છોડી દે. (તિરમિઝી, ઇબ્ને માજા)

ચારિત્ર્યની શુદ્ધતા એ પણ છે કે વ્યક્તિ કોઈની સામે હાથ ન ફેલાવે. આનાથી વ્યક્તિના વ્યક્તિત્વનો પ્રભાવ ઓછો થઈ જાય છે. તે ખૂબ જ તુચ્છ થઈ જાય છે. શુદ્ધ ચારિત્ર્ય ધરાવતો વ્યક્તિ તંગીને સહન કરી શકે છે. પરંતુ તે ખુલ્લેઆમ-જાહેરમાં લોકો પાસે માંગી નથી શકતો. અલ્લાહ તઆલાએ એવા જરૂરતમંદોની પ્રશંસા કરી છે, જેઓ જરૂરત હોવા છતાં પોતાના ચારિત્ર્યની પવિત્રતા અને શરમ-સંકોચને કારણે બીજાઓ પાસે માંગી નથી શકતા :

﴿ يَحۡسَبُهُمُ ٱلۡجَاهِلُ أَغۡنِيَآءَ مِنَ ٱلتَّعَفُّفِ تَعۡرِفُهُم بِسِيمَٰهُمۡ لَا يَسۡـَٔلُونَ ٱلنَّاسَ إِلۡحَافٗاۗ ﴿٢٧٣﴾ ﴾ البقرة: ٢٧٣

અનુવાદ : ''તેમનું સ્વમાન જોઈને અજાણ્યો વ્યક્તિ અનુમાન કરે છે કે આ સુખી-સંપન્ન લોકો છે. તમે તેમના

www.uzairfalahi.com

ચહેરાઓથી તેમના અંદરની હાલત ઓળખી શકતા નથી. પરંતુ આ એવા લોકો નથી કે લોકોના પાછળ પડીને કંઈક માંગે.'' (સૂરઃ બકરહ, આ.૨૭૩)

શુદ્ધ-ચારિત્ર્યની ફઝીલત :

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«وَمَنْ يَسْتَعْفِفْ يُعِفَّهُ اللَّهُ . وَمَنْ يَسْتَغْنِ يُغْنِهِ اللَّهُ» [متفق عليه]

અર્થાત્, જે શુદ્ધ ચારિત્ર્યની ઈચ્છા રાખે છે, અલ્લાહ તેને શુદ્ધ ચારિત્ર્યથી નવાજે છે અને જે બેનિયાઝી (નિરપેક્ષતા)ની ઈચ્છા રાખે છે, અલ્લાહ તેને બેનિયાઝ (નિરપેક્ષ) કરી દે છે. (મુત્તફિક અલયહિ)

રસૂલુલ્લાહ ﷺ અલ્લાહથી આ દુઆ કર્યા કરતા હતા :

«اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ الْهُدَى وَالتُّقَى وَالْعَفَافَ وَالْغِنَى» [مسلم]

અર્થાત્, હે અલ્લાહ ! હું તારાથી માર્ગદર્શન, પરહેજગારી (સંયમ), શુદ્ધ ચારિત્ર્ય અને બેનિયાઝીનો અભિલાષી છું. (મુસ્લિમ)

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા કયામતમાં એ વ્યક્તિને પોતાની છત્રછાયામાં રાખશે, જેને કોઈ ધનવાન-મોટા માણસની સુંદર મહિલાએ વ્યભિચારનું આમંત્રણ આપ્યું અને તેણે તેનો અલ્લાહના ડરથી ઈન્કાર કરી દીધો. (મુત્તફિક અલયહિ) અલ્લાહ તઆલાએ પોતાના એ બંદાઓની પ્રશંસા કરી છે, જેઓ પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે છે અને હરામથી બચે છે. ફરમાવ્યું :

﴿ وَالَّذِينَ هُمْ لِفُرُوجِهِمْ حَافِظُونَ ۝٥ إِلَّا عَلَىٰ أَزْوَاجِهِمْ أَوْ مَا مَلَكَتْ أَيْمَانُهُمْ فَإِنَّهُمْ غَيْرُ مَلُومِينَ ۝٦ فَمَنِ ابْتَغَىٰ وَرَاءَ ذَٰلِكَ فَأُولَٰئِكَ هُمُ الْعَادُونَ ۝٧ ﴾ المؤمنون: ٥ - ٧

અનુવાદ : ''પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે છે, સિવાય પોતાની પત્નીઓના અને એ સ્ત્રીઓના જે તેમની માલિકીમાં હોય કે તેમના મામલામાં (સુરક્ષિત ન રાખવામાં) તેઓ નિંદાપાત્ર નથી. અલબત્ત, જેઓ આના ઉપરાંત કંઈ વધારે ઈચ્છે, તેઓ જ હદથી વધી જનારા છે.'' (સૂરઃ મુ'મિનૂન, આ.૫-૭)

www.uzairfalahi.com